# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-01-2025** **MIDDAY : 1.20 to 1.30**

**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

****************************************************

1) ગૃહમંત્રી અમિત શાહે માદક પદાર્થોની હેરાફેરી અંગેની પરિષદમાં માદક પદાર્થ નાબૂદી પખવાડિયાનો પ્રારંભ કરાવ્યો.

2) અયોધ્યામાં રામમંદિરમાં રામ લલાની પ્રાણ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષ ગાંઠે આજે વિશેષ પૂજા અર્ચના.

3) મહાકુંભમાં સાયબર પડકારોનો સામનો કરવા 56 વિશેષ સાયબર યોદ્ધાઓ અને નિષ્ણાતોને તૈનાત કરાયા.

4) અમેરિકાના લોસ એન્જલસમાં દાવાનળથી 11 લોકોનાં મૃત્યુઃ 13,000થી વધુ ઇમારતો નષ્ટ.

5) જમ્મુ કાશ્મીરમાં ઠંડીનું જોર વધ્યું - લદાખના ઝોઝીલામાં માઇનસ 31 ડિગ્રી તાપમાન.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SHAH-DRUG TRAFFICKING CONFERENCE

ગૃહમંત્રી અમિત શાહ આજે માદક પદાર્થોની હેરાફેરી અને રાષ્ટ્રીય સુરક્ષા અંગે નવી દિલ્હીમાં આયોજિત પ્રાદેશિક પરિષદની અધ્યક્ષતા કરી હતી. શ્રી શાહે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના ભોપાલ યુનિટના કાર્યાલયનું અને દેશભરમાં માનસ-2 હેલ્પલાઇન સુવિધાનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે શ્રી શાહે માદક પદાર્થની નાબૂદી  પખવાડિયાનો પ્રારંભ કરાવ્યો હતો. 25 જાન્યુઆરી સુધી ચાલનારી આ ઝૂંબેશમાં 44 હજાર 700 કિલોગ્રામ માદક પદાર્થોનો નિકાલ કરવામાં આવશે, જેનું મૂલ્ય બે હજાર 411 કરોડ રૂપિયા આંકવામાં આવે છે. શ્રી શાહે આ પરિષદમાં જણાવ્યું હતું કે દેશમાં નશાના દૂષણને નાથવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## (બાઇટ- અમિત શાહ, ગૃહમંત્રી)

આ પરિષદમાં રાષ્ટ્રીય સુરક્ષા પર ડ્રગ્સની હેરાફેરીની અસર અંગે ચર્ચા કરવામાં આવી હતી. નાર્કોટિક્સ કન્ટ્રોલ બ્યુરો દ્વારા આયોજિત આ પરિષદનો હેતુ ખાસ કરીને ઉત્તર ભારતના આઠ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં માદક પદાર્થોની વધતી જતી હેરાફેરી પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

. . . . . . . . . . . . . . . .

# OM BIRLA-CSPOC

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ ગઇકાલે ગ્યુર્નસીમાં કોમનવેલ્થ સ્પીકર્સ અને પ્રિસાઇડિંગ ઓફિસર્સ કોન્ફરન્સ (CSPOC) ની સ્થાયી સમિતિની બેઠકની અધ્યક્ષતા કરી.

આ પ્રસંગે બોલતા શ્રી બિરલાએ જણાવ્યું હતું કે ભારત કૃષિ, ફિનટેક અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ - AI સહિત ઘણા ક્ષેત્રોમાં મોટા પાયે પરિવર્તન જોઈ રહ્યું છે. તેમણે આબોહવા પરિવર્તન, આતંકવાદ અને સાયબર ક્રાઇમ જેવા વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે સંસદોને વધુ અસરકારક, સમાવિષ્ટ અને પારદર્શક બનાવવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો. તેમણે સુશાસન અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે સંસદીય સંસ્થાઓને વધુ અસરકારક, સમાવિષ્ટ અને પારદર્શક બનાવવાના મહત્વ પર પણ ચર્ચા કરી.

શ્રી બિરલાએ નીતિઓ ઘડવામાં, સંસાધનોની વિવેકપૂર્ણ ફાળવણી કરવામાં અને વધુ ન્યાયી અને ટકાઉ ભવિષ્યના નિર્માણમાં સરકારોને માર્ગદર્શન આપવામાં સંસદસભ્યોની ભૂમિકા પર ભાર મૂક્યો. આ પરિષદ સંસદીય નેતાઓને વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે એકસાથે લાવવા અને 2026 માં ભારત દ્વારા આયોજિત 28મા CSPOC માટે મહત્વપૂર્ણ હતી.

. . . . . . . . . . . . . . .

# AYODHYA-RAM LALLA ANNIVERSARY

ઉત્તરપ્રદેશના અયોધ્યામાં ભવ્ય રામ મંદિરમાં રામ લલ્લાની પ્રાણ-પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠે આજથી ત્રણ દિવસનો ખાસ કાર્યક્રમ શરૂ થઈ રહ્યો છે. આજે રામ લલ્લાની પ્રતિમાને શણગાર કરવામાં આવ્યો છે.

ગયા વર્ષે 22 જાન્યુઆરીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રામ જન્મભૂમિ મંદિરનું ઉદ્ઘાટન કર્યું હતું. પરંતુ હિન્દુ કેલેન્ડર મુજબ આ વર્ષે જયંતિ ૧૧ જાન્યુઆરીએ ઉજવવામાં આવી રહી છે. આ પ્રસંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ કાર્યક્રમનું ઉદ્ઘાટન કરશે અને રામલલાનો અભિષેક કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અયોધ્યામાં રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાનાં પ્રથમ વર્ષની સમાપ્તિ પ્રસંગે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મિડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સદીઓનાં બલિદાન અને સંઘર્ષ બાદ આ મંદિરનું નિર્માણ થયું છે.

તેમણે રામ મંદિરને આપણી સંસ્કૃતિ અને આધ્યાત્મનાં મહાન વારસો ગણાવ્યો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ દિવ્ય, ભવ્ય અને સુંદર રામ મંદિર વિક્સિત ભારતનાં નિર્ધારને પૂર્ણ કરવામાં મહાન પ્રેરણા બનશે.
કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ આ પ્રસંગે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે.

. . . . . . . . . . . . . . . .

## KUMBH CYBER SECURITY

ઉત્તરપ્રદેશનાં પ્રયાગરાજમાં 13 જાન્યુઆરીથી શરૂ થઈ રહેલા મહાકુંભમાં આધ્યાત્મિકતા અને નવીનીકરણનું તથા પવિત્ર પરંપરા અને અત્યાધુનિક ડિજિટલ ઉપકરણોનું મિશ્રણ જોવા મળશે.

અમારા પ્રતિનિધિ જણાવે છે કે, કુંભમાં સાયબર પડકારોનો સામનો કરવા સલામતી માટે 56 વિશેષ સાયબર યોધ્ધાઓ અને નિષ્ણાતોને તૈનાત કરવામાં આવ્યા છે. નકલી વેબસાઇટ, સોશિયલ મિડિયા કૌભાંડો અને નકલી લિન્ક જેવાં

સાયબર ગુનાઓ રોકવા માટે મહાકુંભ સાયબર પોલિસ સ્ટેશન સ્થાપવામાં આવ્યું છે. સાયબર ગુનાઓ અંગે જાગૃતિ ફેલાવવા મેળાનાં વિસ્તારમાં અને તેની બહાર ડિસ્પ્લે મૂકવામાં આવ્યા છે.

હાલમાં નિષ્ણાતોની ટીમે 50થી વધુ શંકાસ્પદ વેબસાઇટો શોધી કાઢી છે અને તેમની સામે પગલાં લેવાઈ રહ્યા છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

. . . . . . . . . . . . . . .

# US-WILDFIRES

અમેરિકાના લોસ એન્જલસ કાઉન્ટીમાં લાગેલી ભીષણ આગમાં ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા છે. પ્રારંભિક અંદાજ મુજબ આગમાં તેર હજારથી વધુ મકાનો નાશ પામ્યા છે અને એક લાખથી વધુ લોકોને વિસ્તાર ખાલી કરવાની સલાહ આપવામાં આવી છે.

દરમિયાન, કેલિફોર્નિયાના ગવર્નરે જળ વ્યવસ્થાપન સંબંધિત ફરિયાદની તપાસનો આદેશ આપ્યો છે. અહેવાલો અનુસાર, એક મહત્વપૂર્ણ જળાશય બંધ હોવાથી અગ્નિશામકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

મંગળવારે લોસ એન્જલસમાં શરૂ થયેલી આગ મહિનાઓ સુધી ચાલુ રહેવાની ધારણા છે.

. . . . . . . . . . . . . . . .

## COLD WAVE

જમ્મુ કાશ્મીર અને લડાખમાં શીતલહેર યથાવત છે. હવામાન વિભાગે આગામી ચોવીસ કલાક જમ્મુ ડિવિઝનના મેદાની વિસ્તારોમાં હળવો વરસાદ અને પર્વતિય વિસ્તારોમાં બરફવર્ષાની આગાહી કરી છે. આજે શ્રીનગરમાં લઘુતમ તાપમાન માઇનસ 3.6 ડિગ્રી, ગુલમર્ગમાં માઇનસ 6.5 અને પહેલગાંવમાં માઇનસ 7.1 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જમ્મુ શહેરમાં 7.1 ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

લડાખમાં તાપમાન અત્યંત નીચું નોંધાયું છે. ઝોઝીલામાં માઇનસ 31 ડિગ્રી, દ્રાસમાં માઇનસ 24.8 ડિગ્રી, કારગિલમાં માઇનસ 14.6 ડિગ્રી અને લેહમાં માઇનસ 13.3 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું છે. કારગિલ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પરનો વાહનવ્યવહાર સોમવાર સુધી બંધ રહેશે.

દરમિયાન, દિલ્હી-એનસીઆરમાં આજે સવારે ગાઢ ધુમ્મસ છવાયું હતું. હવામાન વિભાગે આજે અને આવતી કાલે વાદળછાયું આકાશ અને હળવા

વરસાદની આગાહી કરી છે. છેલ્લાં 24 કલાકમાં શહેરમાં તાપમાન નોંધપાત્ર ઘટીને એક ડિગ્રીએ પહોંચી ગયું હતું.

. . . . . . . . . . . . . . . .

# SUNITA WILLIAMS SPACEWALK

અમેરિકન અવકાશ એજન્સી નાસાના ભારતીય મૂળના અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ 12 વર્ષ પછી આ મહિનાની 16મી તારીખે સ્પેસવોક કરશે. તેઓ નિક હેગ સાથે મળીને ન્યુટ્રોન સ્ટાર ઇન્ટિરિયર કમ્પોઝિશન એક્સપ્લોરર એક્સ-રે ટેલિસ્કોપનું સમારકામ કરશે. આ મિશનમાં, ક્ષતિગ્રસ્ત થર્મલ શીલ્ડમાંથી આવતા સૂર્યકિરણોને કારણે થતી કટોકટીનો ઉકેલ લાવવામાં આવશે.

સુનિતા વિલિયમ્સ છેલ્લા આઠ મહિનાથી આંતરરાષ્ટ્રીય અવકાશ મથકમાં છે.

. . . . . . . . . . . . . . . .

# PUNJAB-AAP MLA DEMISE

પંજાબમાં પશ્ચિમ લુધિયાણા બેઠકના આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગુરપ્રીત ગોગીનું માથાના ભાગમાં ગોળી વાગવાથી મૃત્યુ થયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર તેમના પરિવાર દ્વારા લુધિયાણાની દયાનંદ તબીબી કોલેજ

અને હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા જ્યાં તબીબોએ તેમને મૃત ઘોષિત કર્યા હતા.

ગઈકાલે રાત્રે શ્રી ગોગી પોતાની બંદુકની સફાઇ કરી રહ્યા હતા ત્યારે આકસ્મિક રીતે ગોળી વાગી હતી. પંજાબના આમ આદમી પાર્ટીના અધ્યક્ષ અમન આરોરાએ શોક વ્યક્ત કર્યો છે. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

. . . . . . . . . . . . . . .

# HOCKEY INDIA LEAGUE

પુરુષ હોકી ઈન્ડિયા લીગમાં આજે સાંજે છ વાગ્યે, હૈદરાબાદ તુફાન્સનો મુકાબલો સુરમા હોકી ક્લબ સામે થશે અને રાત્રે સવા આઠ વાગ્યે દિલ્હી એસજી પાઇપર્સનો મુકાબલો યુપી રૂદ્રાજ સામે થશે. બંને મેચ રાઉરકેલામાં રમાશે.
દરમ્યાન ગઇકાલે તમિલનાડુ ડ્રેગન્સે ઓડિશાના રાઉરકેલામાં એક રોમાંચક મુકાબલામાં શ્રાચી રાર બંગાળ ટાઈગર્સને હરાવ્યું. આ જીત સાથે, તમિલનાડુ પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે.

. . . . . . . . . . . . . . .

# ASSAM COAL MINE ACCIDENT

આસામમાં બચાવ ટૂકડીએ આજે સવારે દીમા હસાઓ જિલ્લાનાં ઉમરાંગસો ખાતે જળમગ્ન કોલસાની ખાણમાંથી વધુ એક મૃતદેહ બહાર કાઢ્યો છે.

ગેરકાયદેસર રેટ-હોલ કોલસાની ખાણની અંદર ફસાયેલા બાકીનાં શ્રમિકોને શોધવા માટે અનેક કેન્દ્રીય અને રાજ્ય એજન્સીઓએ આજે છઠ્ઠા દિવસે બચાવ અભિયાન ચાલુ રાખ્યું હતું.

અગાઉ, બચાવ ટીમે એક મૃતદેહને બહાર કાઢ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સોમવારે ખાણમાં પાણી ભરાઈ જતાં નવ શ્રમિકો અંદર ફસાઈ ગયા હતા. આ ઘટનામાં બે વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

# US- UKRAINE SUPPORT

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકીએ ગઈકાલે રશિયા સામેની લડાઈમાં યુક્રેનને અમેરિકાના સમર્થન અંગે ચર્ચા કરી હતી. ટેલિફોનિક વાતચીતમાં બંને નેતાઓએ રશિયાના ઉર્જા ક્ષેત્ર પર નવા યુએસ પ્રતિબંધો અંગે પણ ચર્ચા કરી. રાષ્ટ્રપતિ જો બાઈડનના વહીવટીતંત્રએ રશિયાની આવક ઘટાડવા માટે મોટા પ્રતિબંધો લાદ્યા છે. વ્હાઇટ હાઉસના આર્થિક અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર દલીપ સિંહે કહ્યું કે આ પ્રતિબંધની સૌથી મોટી અસર રશિયાના ઉર્જા ક્ષેત્ર પર પડશે.

. . . . . . . . . . . . . . .